## એજન્ડા નોંધ :–

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૨(ભીમરાડ) ની દરખાસ્ત તૈયાર કરવા અંગે સત્તામંડળની તા.૬/૪/૨૦૦૫ ની બોર્ડ બેઠકમાં ઠરાવ નં. ૨૩૭૬(૬) થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૧ હેઠળ ઈરાદો જાહેર કરવાનું ઠરાવવામાં આવેલ તથા તેને સરકારશ્રીના રાજપત્રમાં પાર્ટ–૨ માં તા.૧૯/૪/૨૦૦૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તથા તેની પ્રસિધ્ધી સ્થાનિક વર્તમાનપત્રોમાં પણ કરવામાં આવેલ છે. સદરહુ વિગતે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૨(ભીમરાડ)ની દરખાસ્તો કનસલ્ટન્ટશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ અને તેની ચકાસણી કરી કેટલાંક ફેરફારો કરવા અત્રેથી સુચવવામાં આવેલ તથા તદ્દાનુસાર પ્રસ્તુત મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો તૈયાર કરવામાં આવેલ છે. જે અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો–૧૯૭૯, નિયમ–૧૭ હેઠળ જમીન માલિકો / હિત સંબંધ ધરાવનારાઓની મીટીંગ તા.૧૩/૧૦/૦૫ ના રોજ કોમ્યુનીટી હૉલ, ભીમરાડ મુકામે રાખવામાં આવેલ અને સદરહુ મીટીંગમાં હાજર રહેનારાઓને મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો અંગેની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવેલ તથા સમજણ આપવામાં આવેલ હતી, જે સંદર્ભે પ્રસ્તુત નગર રચના યોજના અંગેના નકશા, જરૂરી પત્રક (નકલ સામેલ છે.) સહ રજુ કરેલ છે. (જે નકશા બોર્ડ બેઠકમાં ડીસ્પલે કરવામાં આવશે)

ઉપરોક્ત વિગતોએ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૨(ભીમરાડ) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૧(૧) હેઠળ પ્રસિધ્ધ કરવાની રહેતી હોય, તેની અનુમતી અર્થે બોર્ડ બેઠકમાં રજુ રાખેલ છે.

O/c મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.